ગાંધીનગર • કલોલ • માણસા • દહેગામ
# ગાંધીનગર ભાસ્કર
અમદાવાદ • શનિવાર, 4 જુલાઇ, 2026, જેઠ વદ-4, વિક્રમ સંવત 2082



**કલર કોડથી જાણી શકાશે વૃક્ષની સ્થિતિ: ડિજીટલ પ્લેટફોર્મ પર રહેશે સંપૂર્ણ માહિતી** આ વખતે કયું વૃક્ષ ક્યાં વાવ્યું છે અને કેટલું વિકસ્યું છે તેની સંપૂર્ણ વિગતો ઓનલાઈન ઉપલબ્ધ રહેશે. દરેક વૃક્ષને ખાસ RFID કોડ અપાશે., જેને સ્કેન કરતાં વૃક્ષનો પ્રકાર, લોકેશન, ઊંચાઈ, ઉંમર અને ફોટો સહિતની માહિતી ડિજિટલ રીતે ઉપલબ્ધ થશે. આ સમગ્ર માહિતી TreeCare નામના ઓનલાઈન ડેશબોર્ડ પર જોઈ શકાશે.

## ન્યૂઝ બ્રીફ

### શહેરમાં મહત્તમ તાપમાનમાં 0.5 ડિગ્રીનો ઘટાડો

ગાંધીનગર | ગાંધીનગર શહેરમાં લઘુત્તમ તાપમાન 27.5 ડિગ્રી નોંધાયું હતું અને મહત્તમ તાપમાન 34.5 ડિગ્રી સુધી પહોંચ્યું હતું. તાપમાનના આ સ્તરના કારણે વાતાવરણની સ્થિતિમાં બદલાવ આવ્યો હતો અને ગરમીની તીવ્રતા ઘટી હતી. મહત્તમ તાપમાન 0.5 ડિગ્રી ઘટી ગયું હતું. વાતાવરણમાં મહત્તમ ભેજ 78 ટકા નોંધાયો હતો, જ્યારે લઘુત્તમ ભેજ 66 ટકા રહ્યો હતો. તાપમાન અને ભેજના આ આંકડાની અસર શહેરના પર્યાવરણ પર જોવા મળી હતી. શહેરમાં પવનની ગતિ અને સૂર્યના પ્રકાશના કારણે આ આંકડાઓમાં ફેરફાર નોંધાયો હતો. મહત્તમ તાપમાન 0.5 ડિગ્રી ઘટી ગયું હતું અને ભેજનું પ્રમાણ 78 ટકા અને 66 ટકાની વચ્ચે રહેવાથી ગરમીની સ્થિતિમાં તફાવત આવ્યો હતો. હવામાન વિભાગના આંકડા મુજબ તાપમાનમાં આ ઘટાડો થયો હતો.

### વૃક્ષોના વાવેતર સાથે માવજત રાખવા પણ કલેક્ટરની તાકીદ

ગાંધીનગર | ''વૃક્ષારોપણ કાર્યક્રમ'' અંતર્ગત ગાંધીનગર કલેક્ટર રવિન્દ્ર ખતાલે દ્વારા કલોલ તાલુકાના પલોડીયા તથા જાસપુર ગામોની સ્થળ મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે વૃક્ષારોપણની કામગીરીનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરી સબંધિત અધિકારીઓને જરૂરી તકેદારી રાખવા સૂચનાઓ આપી હતી. તેમણે સ્પષ્ટ સૂચના આપી હતી કે માત્ર વૃક્ષો વાવવા પૂરતા નથી, પરંતુ તેમને નિયમિત પાણી મળી રહે અને યોગ્ય માવજત થાય તે સુનિશ્ચિત કરવું અનિવાર્ય છે. આ ઉપરાંત, તેમણે વૃક્ષારોપણ સ્થળ ખાતે પાયાની સુવિધાઓ જેવી કે નાગરિકો માટે વોક વે ઉપલબ્ધ કરાવવા તેમજ પક્ષીઓ માટે આશ્રય અને ખોરાક મળી રહે તે હેતુથી વધુમાં વધુ ફળાઉ વૃક્ષોના વાવેતર પર વિશેષ ભાર મૂક્યો હતો.

### કલોલમાં નવા તાલુકા અદાલત ભવનનું 5 જુલાઈએ ભૂમિપૂજન

ગાંધીનગર |ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતે આગામી 5 જુલાઈ ના રોજ સવારે 10 વાગ્યે નવી તાલુકા અદાલત ભવનના બાંધકામ માટે ભૂમિપૂજન સમારોહ યોજાશે. આ કાર્યક્રમ અમદાવાદ-મહેસાણા સ્ટેટ હાઈવે રોડ પર ટેકનિકલ સ્કૂલની પાછળ રાખવામાં આવ્યો છે. આ પ્રસંગે ગુજરાતના નાયબ મુખ્યમંત્રી મંત્રી હર્ષ સંઘવી તેમજ હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ સુનિતા અગ્રવાલ ઉપસ્થિત રહીને આ ખાતમુહૂર્ત કરશે. આ સિવાય હાઈકોર્ટના જજ નિરલ આર. મહેતા અને રાજ્યના કાયદા મંત્રી કૌશિક વેકરિયા પણ હાજર રહેશે. કાર્યક્રમનું આયોજન પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ જજ આશિષ જે. એસ. મલ્હોત્રા, એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ દિવ્યેશ વી. શાહ અને કલોલ બાર એસોસિએશનના પ્રમુખ કૃણાલ એન. કોઠારી દ્વારા કરવામાં આવ્યું છે.

### વોર્ડ 3માં 10 હજાર કાપડની થેલીનું વિતરણ કરાયું

ગાંધીનગર | ગાંધીનગર મહાપાલિકાના સેનીટેશન કમિટીના ચેરમેન તથા વોર્ડ-૩ના કોર્પોરેટર અંકિત બારોટે પોતાના વોર્ડને પ્લાસ્ટિક મુક્ત બનાવવા માટે અનોખી પહેલ હાથ ધરી છે. વિશ્વ પ્લાસ્ટિક બેગ મુક્તિ દિવસના અવસરે વોર્ડ-૩ના દરેક પરિવારમાં નિઃશુલ્ક કાપડની થેલીનું વિતરણ શરૂ કરવામાં આવ્યું છે. પ્રથમ તબક્કામાં આશરે 10 હજાર કાપડની થેલીઓનું વિતરણ કરવામાં આવશે. પર્યાવરણને નુકસાન પહોંચાડતા સિંગલ યુઝ પ્લાસ્ટિકના વધતા ઉપયોગને અટકાવવા માટે આ અભિયાન શરૂ કરવામાં આવ્યું હોવાનું અંકિત બારોટે જણાવ્યું હતું.

## હરિયાળા-નગરનું કાઉન્ટડાઉન શરૂ

# ...3 લાખ ખાડા તૈયાર હવે માત્ર વરસાદની રાહ

નેહા સાંબડ | ગાંધીનગર

ગાંધીનગર લોકસભા વિસ્તારને દેશનો સૌથી વધુ હરિયાળો વિસ્તાર બનાવવાના લક્ષ્ય સાથે આગામી દિવસોમાં વૃક્ષારોપણના મહાઅભિયાનનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. અમિત શાહના માર્ગદર્શન હેઠળ હાથ ધરાનારા આ અભિયાન માટે વન વિભાગ, જિલ્લા વહીવટી તંત્ર, ગાંધીનગર મહાપાલિકા સહિતના વિભાગોએ તૈયારીઓ શરૂ કરી દીધી છે. શહેરમાં પડતર સરકારી જમીનો, ખાલી પ્લોટ, ગૌચરની જમીન તેમજ અન્ય ઉપલબ્ધ સ્થળોએ મોટા પાયે વૃક્ષારોપણ કરાશે, જેથી ગાંધીનગરને સાચા અર્થમાં ગ્રીન ઝોન તરીકે વિકસાવી શકાય. આ અભિયાન હેઠળ ગાંધીનગર શહેર, ઉત્તર વિધાનસભા વિસ્તાર અને કલોલમાં મળીને 37 લાખ જેટલા વૃક્ષો ઉછેરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. તેની શરૂઆતરૂપે વન વિભાગે રૂપાલ, સરઢવ, સોનિપુર, પીપળજ, વાસણ તેમજ શહેરના સેક્ટર-18, 24, 28 અને 30 સહિતના વિસ્તારોમાં અંદાજે ત્રણ લાખ ખાડા ખોદીને તૈયાર રાખ્યા છે. આગામી દિવસોમાં અહીં લીમડો, વડ, પીપળો, જાંબુ, સીતાફળ, ગરમાળા, ગુલમહોર, કાસિદ, અરડૂસી, કરેણ સહિત આશરે 50 જેટલી વિવિધ જાતના છોડનું વાવેતર કરાશે.

સેન્સર સિસ્ટમ બદલાતા જ પાસિંગ રેટમાં 46 ટકાનો માતબર ઘટાડો, ટુ-વ્હીલરનો પાસિંગ રેટ 69 ટકા

# ગાંધીનગરમાં નવો AI ડ્રાઈવિંગ ટેસ્ટ શરૂ: ફોર વ્હીલરના ટેસ્ટમાં માત્ર 9 ટકા પાસ થયા

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર

ગાંધીનગરમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) આધારિત નવી ડ્રાઈવિંગ ટ્રેક સિસ્ટમ લાગુ કરવામાં આવી છે. શરૂઆતના દિવસે જ ફોર વ્હિલરના ટેસ્ટ આપનારા મોટાભાગના લોકો નાપાસ થયા હતા, જેના કારણે પાસ થવાની ટકાવારીમાં મોટો ઘટાડો નોંધાયો હતો. પ્રથમ દિવસે ફોર વ્હીલર માટે ટેસ્ટ આપનાર માત્ર 9 ટકા લોકો પાસ થઈ શક્યા હતા. તેની સરખામણીએ ટુ-વ્હિલર આપનારાઓનું પરિણામ સામાન્ય રહ્યું હતું. ગુજરાત રાજ્યના બધા જ આર.ટી.ઓ.માં એ.આઈ. આધારિત ડ્રાઈવિંગ ટ્રેક સિસ્ટમ શરૂ કરવાનો નિર્ણય લેવાયો હતો. આ નવી પદ્ધતિ અંતર્ગત ગાંધીનગરમાં પણ હવે એ.આઈ. આધારિત ટેસ્ટ લેવાની પ્રક્રિયા ચાલુ થઈ ગઈ છે. નવી સિસ્ટમના પ્રથમ દિવસે ફોર વ્હિલર વાહનો માટે કુલ 65 ટેસ્ટ લેવામાં આવ્યા હતા. આ 65 માંથી માત્ર 6 લોકો જ પરીક્ષા પાસ કરી શક્યા હતા, જ્યારે 59 લોકો ટેસ્ટમાં નાપાસ જાહેર થયા હતા. આ રીતે પ્રથમ દિવસે ફોર વ્હિલર પાસ કરવાનું પ્રમાણ 9 ટકા રહ્યું હતું. બીજી તરફ, ટુ-વ્હિલર વાહનો માટે કુલ 81 ટેસ્ટ લેવામાં આવ્યા હતા. જેમાંથી 56 લોકો ટેસ્ટમાં પાસ થયા હતા અને 25 લોકો નાપાસ થયા હતા. આમ, ટુ-વ્હિલર વાહનોનો પાસિંગ રેટ 69 ટકા નોંધાયો હતો. આ પહેલાં જ્યારે સેંસર આધારિત સિસ્ટમ કામ કરતી હતી, ત્યારે ફોર વ્હિલરનો પાસિંગ રેટ 45 ટકા થી 55 ટકા ની વચ્ચે રહેતો હતો. તેની સરખામણીએ નવી AI સિસ્ટમના પ્રથમ દિવસે ફોર વ્હિલરના પાસિંગ રેટમાં 46 ટકા નો ઘટાડો જોવા મળ્યો છે.

### AI ડ્રાઇવિંગ ટેસ્ટ સિસ્ટમના સચોટ પરીક્ષણથી ભવિષ્યમાં અકસ્માતો ઘટશે



*નવી AI ડ્રાઈવિંગ ટેસ્ટ સિસ્ટમ ખૂબ સચોટ છે. આ સિસ્ટમ વાહન ચલાવતી વખતે થતી નાની ભૂલો પણ તુરંત પકડી પાડે છે. આ કારણે લાયસન્સ મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ ડ્રાઈવિંગમાં સંપૂર્ણ ચોકસાઈ રાખવી પડે છે. લાંબા ગાળે આ ડ્રાઈવિંગ કુશળતાનો ફાયદો સામાન્ય લોકોને થશે, કારણ કે રસ્તાઓ પર નાના અને મોટા અકસ્માતો અટકશે. આ ઉપરાંત, આ AI ટ્રેક આવવાથી ટેસ્ટ ટ્રેક સંબંધિત સમસ્યાઓનો કાયમી ઉકેલ આવી જશે. આ ટેકનોલોજીના કારણે સિસ્ટમમાં કોઈ ખામી સર્જાશે નહીં અને ડ્રાઈવિંગ ટેસ્ટ આપવા આવતા નાગરિકોને ભવિષ્યમાં કોઈપણ પ્રકારની પરેશાનીનો સામનો કરવો પડશે નહીં.*

» **કનકસિંહ પરમાર,** આર.ટી.ઓ. (ગાંધીનગર)

### સેંસર વિરુદ્ધ AI : જાણો નવી ડ્રાઇવિંગ ટેસ્ટ પદ્ધતિ કેટલી અલગ છે

**સેંસર આધારિત ટેસ્ટ**

- આ સિસ્ટમ માત્ર ટ્રેક પર વાહનના ટાયર રેખા કે સરહદને અડે છે કે નહીં તે જ જુએ છે.
- તેમાં મર્યાદિત ટચ પોઈન્ટ્સ પર જ દેખરેખ રાખી શકાય છે.
- હવામાન ખરાબ હોય ત્યારે સેંસર ખોટા સિગ્નલ આપી શકે છે.
- ડ્રાઈવરની ભૂલનો કોઈ વીડિયો કે વિગતવાર ડિજિટલ રીપોર્ટ મળતો નથી.
- ટેસ્ટ દરમિયાન વાહનનો ડાઈવિંગ પાથ ટ્રેક થતો નથી.

**એ.આઈ. આધારિત ટેસ્ટ**

- તે કેમેરા દ્વારા ચાલકની નજર, બેસવાની રીત અને હેન્ડલ પકડવાની પદ્ધતિ પણ તપાસે છે.
- મશીન લર્નિંગ દ્વારા આખા ટ્રેક પર વાહનની ગતિ અને વળાંકની લાઈવ ચકાસણી થાય છે.
- કમ્પ્યુટર વિઝન અલ્ગોરિધમનો ઉપયોગ થતો હોવાથી પરિણામો વધુ સચોટ હોય છે.
- દરેક ભૂલનો ચોક્કસ વીડિયો ગ્રાફિક્સ સાથેનો ડિજિટલ રીપોર્ટ તૈયાર થાય છે.
- વાહનનો ટેસ્ટ દરમિયાન ડ્રાઈવિંગ પાથ ટ્રેક થઈ શકે છે.

**ફર્સ્ટ પર્સન**

### નિયમો પાળશો તો પાસ થવું સરળ છે

મારી આ ટુ-વ્હિલરના પાકા લાયસંસની પહેલી પરિક્ષા છે અને હું પહેલી જ વારમાં પાસ થઈ ગયો. પહેલા મને લાગ્યું હતું કે આ એ.આઈ. બેઝ્ડ ટેસ્ટ લેવામાં આવશે તો કદાચ હું પાસ નહિં થઉ પરંતુ ટેસ્ટ પહેલા જે વિડિયો બતાવ્યો તે વિડિયોને અનુસરીને મે ટેસ્ટ આપી અને હું પાસ થઈ ગયો.

*- રામજી પરમાર*

હું બીજી વખત ફોર વ્હિલરની ટેસ્ટ આપવા આવ્યો છું. પહેલા જે જુની સિસ્ટમથી ટેસ્ટ લેવાતી હતી ત્યારે આવ્યો હતો અને ત્યારે પણ પેરેલલ પાર્કિંગમાં ગાડીનું ટાયર લાઈનની બહાર રહિ જતા હું નાપાસ થયો હતો અને આજે પણ એજ પેરેલલ પાર્કિંગમાં ફરી ટાયર બહાર રહિ ગયું તેમાં જ હું નાપાસ થયો. એ.આઈ. આવ્યું છે પણ જો બરાબર શીખીને આવશો તો કોઈ ફરક પડશે નહિં તમે કઈ સિસ્ટમમાં ટેસ્ટ આપો છો

*-નિકુંજ દંતાણી*

# લાઈબ્રેરીનો સમય વિદ્યાર્થીઓને અનુકૂળ હોય તેવો રાખો: કલેક્ટર

કલેક્ટરે વડસરમાં લાઈબ્રેરીની મુલાકાત લીધી



ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર

ગાંધીનગર કલેક્ટર રવિન્દ્ર ખતાલેએ વડસર સ્થિત જાહેર લાઈબ્રેરીની આકસ્મિક મુલાકાત લઈને ત્યાં ઉપલબ્ધ સુવિધાઓ, વિદ્યાર્થીઓની હાજરી અને લાઈબ્રેરીના સંચાલનની સમીક્ષા કરી હતી. મુલાકાત દરમિયાન તેમણે વિદ્યાર્થીઓ સાથે સીધી વાતચીત કરી તેમની જરૂરિયાતો જાણી હતી તેમજ સંબંધિત અધિકારીઓને વિદ્યાર્થીઓને અનુકૂળ થાય તે રીતે લાઈબ્રેરીનો સમય નક્કી કરવા અને જરૂરી સુવિધાઓમાં સુધારો કરવા સૂચના આપી હતી.

કલેક્ટરે લાઈબ્રેરીમાં ઉપલબ્ધ વાંચન વ્યવસ્થા, ડિજિટલ સુવિધાઓ અને અન્ય મૂળભૂત વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે સ્પષ્ટ જણાવ્યું હતું કે જિલ્લાના વધુમાં વધુ વિદ્યાર્થીઓ લાઈબ્રેરીનો મહત્તમ ઉપયોગ કરે અને તેમના જ્ઞાનમાં સતત વધારો થાય તે જ વહીવટી તંત્રનો મુખ્ય હેતુ છે. વિદ્યાર્થીઓને અભ્યાસ દરમિયાન કોઈ મુશ્કેલી ન પડે અને તેમને અનુકૂળ વાતાવરણ મળી રહે તે માટે જરૂરી તમામ સુવિધાઓ જાળવી રાખવા પણ તેમણે ભાર મૂક્યો હતો.

રાજ્ય સરકાર શિક્ષણ અને વાંચનની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા સતત પ્રયાસ કરી રહી છે. ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત વાંચનનું વાતાવરણ મળે અને તેઓ સ્પર્ધાત્મક પરીક્ષાઓ સહિત ઉચ્ચ અભ્યાસમાં વધુ સારી તૈયારી કરી શકે તે માટે જાહેર લાઈબ્રેરીઓને વધુ સક્ષમ બનાવવાની દિશામાં પણ કામ થઈ રહ્યું છે.

# સિનિયર સિટીઝનને હવે 7 હેલ્થ સેન્ટરમાં ફિઝિયો- ડેન્ટલની સુવિધા

### વધુ 5 સેન્ટર પર સેવા વિસ્તારવા સ્ટેન્ડિંગ કમિટી મંજૂરી આપશે

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર

શહેરના વરિષ્ઠ નાગરિકો માટે આરોગ્ય સેવાઓનો વ્યાપ વધારવાની તૈયારીમાં છે. હાલમાં શહેરના માત્ર 2 અર્બન હેલ્થ સેન્ટરમાં 60 વર્ષથી વધુ વયના સિનિયર સિટીઝનને ફિઝિયોથેરાપી અને ડેન્ટલની સારવારની સુવિધા ઉપલબ્ધ છે. હવે આ સેવાનો વિસ્તાર કરીને વધુ 5 અર્બન હેલ્થ સેન્ટરમાં આ સુવિધા શરૂ કરવાની દરખાસ્ત મહાપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની શનિવારે મળનારી બેઠકમાં રજૂ કરવામાં આવી છે. આ મંજૂરી બાદ કુલ 7 આરોગ્ય કેન્દ્રો પર આ સુવિધા વિનામૂલ્યે મળતી થશે.

વય વધતા દુખાવા, કમર અને ગરદનની સમસ્યાઓ, ચાલવામાં મુશ્કેલી તેમજ દાંતને લગતા રોગો વરિષ્ઠ નાગરિકોમાં સામાન્ય બની રહ્યા છે. ખાનગી સેન્ટરો પર સારવાર કરાવવી ખર્ચાળ બનતી હોવાથી મહાપાલિકાએ આરોગ્ય સેવાને વધુ સુલભ બનાવવાનો નિર્ણય લીધો છે.

# ચિલોડા પાસે નેશનલ હાઇવે પર કેટલાક રૂટમાં ટ્રાફિક પ્રતિબંધ

### 25 સપ્ટેમ્બર સુધી ડાયવર્ઝન અમલી

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર

ચિલોડા પાસે નેશનલ હાઈવે-48 પર મોટા ચિલોડાથી નાના ચિલોડા વચ્ચે સર્વિસ રોડના બાંધકામ અને માર્ગની ક્ષમતા વધારવાના કામને કારણે 25 જુલાઈ સુધી વાહન વ્યવહારમાં પ્રતિબંધ મુકાયો છે. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ વિપુલ ઠક્કર દ્વારા જાહેરનામું બહાર પાડીને આ સમયગાળા દરમિયાન વાહનચાલકોને વિકલ્પ માર્ગોનો ઉપયોગ કરવા જણાવાયું છે. આ નિર્ણય અમદાવાદ PIUના પ્રોજેક્ટ ડાયરેક્ટર અને પોલીસ અધિક્ષક તરફથી મળેલી રજૂઆતોના આધારે લેવાયો છે. જાહેરનામા મુજબ મોટા ચિલોડાથી નાના ચિલોડા વચ્ચે સર્વિસ રોડના બાંધકામ ઉપરાંત અન્ય કામો હાથ ધરાશે.

### ચ-5 સર્કલ પાસે ઓઇલ ઢોળાયું, તંત્રે માટી નાખી જગ્યા સુરક્ષિત કરી



ગાંધીનગરના ચ-5 સર્કલ નજીક રસ્તા પર તેલ રેડાયું હતું. આ ઘટનાને લીધે ત્યાંથી પસાર થતા વાહનો સ્લિપ થઈ જવાની શક્યતા ઊભી થઈ હતી. આ બાબતની માહિતિ મળતા જ સૌથી પહેલા આર&બી ડિપાર્ટમેન્ટે પગલાં લીધા હતા. આર&બી વિભાગના કર્મચારીઓએ તેલ વાળા ભાગ પર તાત્કાલિક માટી નાખવાની કામગીરી હાથ ધરી હતી.

**સિટી એન્કર** વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, પાણીની લાઇનનું નેટવર્ક અને સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સહિતના કામો થશે

# રિવરફ્રન્ટમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો પ્લાન: 198 કરોડના ખર્ચે માળખાકીય સુવિધા ઊભી કરાશે

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર

ગાંધીનગરમાં આકાર લઈ રહેલા સાબરમતી રીવરફ્રન્ટ પ્રોજેક્ટને ધ્યાનમાં રાખીને મહાપાલિકાએ પોતાના હસ્તકના રીવરફ્રન્ટ વિસ્તારમાં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાનું આયોજન શરૂ કર્યું છે. આ માટે રૂ.198 કરોડની વિવિધ આધારભૂત સુવિધાઓ ઊભી કરવા ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની મારફતે રાજ્ય સરકાર પાસેથી નાણાકીય સહાય મેળવવા માટેની કમિશનરની દરખાસ્ત સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ મંજૂરી માટે રજૂ કરાઇ છે.

### ડેવલપમેન્ટ કંપનીને જગ્યા ફાળવવા દરખાસ્ત

ગાંધીનગરમાં રીવરફ્રન્ટના ત્રણેય ફેઝમાં નદીના પશ્ચિમ તરફના વિસ્તારો ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં આવે છે. માળખાકીય સુવિધાની જવાબદારી મહાનગરપાલિકા દ્વારા લેવામાં આવી છે પરંતુ રીવરફ્રન્ટની જગ્યા સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કંપની હસ્તક હોવાથી મહાનગરપાલિકા દ્વારા જગ્યાની માંગણી કરતી દરખાસ્ત કરી દેવામાં આવી છે જ્યારે ગ્રાન્ટ માટે પણ દરખાસ્ત કરાઇ છે.

સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા રીવરફ્રન્ટના વિકાસની કામગીરી ચાલી રહી છે, જેમાં ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારનો પણ સમાવેશ થાય છે. તાજેતરમાં ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન (GUDM) સાથે યોજાયેલી સંયુક્ત બેઠકમાં રીવરફ્રન્ટને અનુસંધાને શહેરમાં ભવિષ્યમાં જરૂરી બનનારી પ્રાથમિક સુવિધાઓ અંગે વિસ્તૃત પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું. તેમાં ખાસ કરીને પીવાના પાણીની વ્યવસ્થા માટે ક્લિયર વોટર પાઈપલાઈન નેટવર્ક, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ માટેના માળખાગત વિકાસને પ્રાથમિકતા આપવામાં આવી હતી.

આ આયોજન હેઠળ ભાઈજીપુરા ખાતે 70 MLD ક્ષમતાનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને ક્લિયર વોટર ડિસ્ટ્રિબ્યુશન સ્ટેશન સ્થાપવાની યોજના છે, જેના માટે અંદાજે રૂ.38 કરોડનો ખર્ચ થશે. ઉપરાંત ભાઈજીપુરાના પ્લાન્ટથી રીવરફ્રન્ટ વિસ્તાર તેમજ નદીની પૂર્વ બાજુના રીવરફ્રન્ટ અને ટીપી સ્કીમ વિસ્તાર સુધી 7.5 કિલોમીટર લાંબી ક્લિયર વોટર પાઈપલાઈન અને વિતરણ નેટવર્ક ઊભું કરવામાં આવશે, જેના માટે રૂ.25 કરોડનો અંદાજ છે. તે ઉપરાંત પૂર્વ ગાંધીનગર, ગિફ્ટ સિટી, રીવરફ્રન્ટ તથા ગુડા વિસ્તારની ગટર વ્યવસ્થા માટે 100 MLD ક્ષમતાનો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (STP) બનાવવાનો પણ પ્રસ્તાવ છે. જમીન ઉપલબ્ધ થવાની શરતે આ પ્લાન્ટ પાછળ રૂ.135 કરોડનો ખર્ચ થશે. આ ત્રણેય કામ માટે કુલ રૂ.198 કરોડની નાણાકીય સહાય મેળવવા મહાનગરપાલિકા દ્વારા ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપનીના મેનેજિંગ ડિરેક્ટરને પહેલેથી જ દરખાસ્ત મોકલવામાં આવી છે.

# પ્રધાનમંત્રી આવાસના મકાનનું બિલ રૂ. 4.97 લાખ આવ્યું પછીથી 4824 કરી આપ્યું

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર

ન્યૂ વાવોલ વિસ્તારમાં પ્રધાનમંત્રી આવાસ યોજનામાં રહેતા રણજીત ઠાકુરને UGVCL દ્વારા 4.97 લાખ રૂપિયાનું બિલ આપવામાં આવ્યું હતું. આ બાબતે હોબાળો થતાં અને લેખિત રજૂઆત બાદ કંપનીએ પોતાની ભૂલ સ્વીકારી બિલ સુધારીને 4,824 રૂપિયા કરી આપ્યું હતું.

ન્યૂ વાવોલ ખાતે આવેલી પ્રધાનમંત્રી આવાસ યોજનાના ગુડા આવાસમાં ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ (UGVCL) ની ક્ષતિ સામે આવી છે. અહીં રહેતા એક નાગરિકને તંત્ર દ્વારા અચાનક 4.97 લાખ રૂપિયાનું વીજ બિલ આપવામાં આવ્યું હતું, જેના કારણે સ્થાનીક લોકોમાં ચર્ચા શરૂ થઈ ગઈ હતી. ભોગ બનનાર રણજીત ઠાકુરે આ અંગે માહિતી આપતા જણાવ્યું કે તેમના ઘરમાં નિયમિત પ્રમાણમાં જ વીજળીનો વપરાશ થાય છે અને દર વખતે ઓછું બિલ આવે છે. રણજીતભાઈ પહેલા કામ કરતા હતા, પરંતુ શારીરિક તકલીફના કારણે હાલ તેઓ રોજગાર વગરના છે. આટલી મોટી રકમનું બિલ આવતા તેઓના પગ નીચેથી જમીન સરકી ગઇ હતી.

www.gujaratpest.com
ઉધઇ-વાંદા
gpcs 20 વર્ષથી આપની સેવામાં
9714710043